# વૈભવ સૂર્યવંશી
# નામ હી કાફી હૈ!

પગરવ
★ પ્રશસ્ત પંડયા

ભારતમાં ક્રિકેટ રમાય છે તેમાં હવે આશ્ચર્ય શું જોઈ શકીએ? વન-ડે ક્રિકેટના અતિરેક પછી ટ્વેન્ટી20ની રમતે તો ક્રિકેટમાં એટલો રોમાંચ પાથર્યો કે તેમાં આશ્ચર્યનું તત્ત્વ ન્યૂનત્તમ થઈ ગયું. પરંતુ તે પછી વૈભવ સૂર્યવંશીની ક્રિકેટમાં એન્ટ્રી થઈ. વિશેષ કરીને તેણે જે રીતે ‘આઈપીએલ’માં પદાર્પણ કર્યું તે પછી તો ક્રિકેટ વિશ્વમાં અત્યારે સર્વત્ર વૈભવની ચર્ચા થઈ રહી છે. પંદર વર્ષની ઉંમરમાં બેટિંગમાં તેણે હાંસલ કરેલી મહારથને લઈને સૌ કોઈ નવાઈ પામી રહ્યા છે. તેની રમતનો એકેએક બોલ તે કેવી રીતે બોલર્સને ફટકારે છે તે વિશેનું વિશ્લેષણ થઈ રહ્યું છે. હાલમાં શ્રીલંકા-એ સામે ફાઈનલ મેચમાં તો તેણે માત્ર અગિયાર બોલમાં અડધી સદી ફટકારી હતી અને તે પછી તેનો સ્કોર 29 બોલમાં 94 સુધી પહોંચ્યો હતો.

વૈભવની ક્રિકેટ કારકિર્દીની શરૂઆત માત્ર 12 વર્ષની ઉંમર હતી, જ્યારે રણજી ટ્રોફીમાં તેણે મુંબઈ સામે પદાર્પણ કર્યું હતું. માત્ર બાર વર્ષની ઉંમરે તે દેશમાં સ્થાનિક સ્તરે રમી રહેલા બેસ્ટ બોલરો સામે તે બેટિંગ કરી રહ્યો હતો. રણજીમાં તેની રમત જોઈને ‘આઈપીએલ’માં માત્ર 13 વર્ષની ઉંમરે વૈભવ રમવા આવ્યો. ‘રાજસ્થાન રોયલ્સ’ દ્વારા 2024ની સિઝનમાં તેની સાથે 1.10 કરોડનો કોન્ટ્રોક્ટ કરવામાં આવ્યો. જોકે તે સિઝનમાં અને તે પછીની સિઝનમાં વૈભવનું નામ એટલું ન ગાજ્યું. તે પછીથી તેણે જે રમત દેખાડી તે અદ્વિતિય હતી. આ વખતની ‘આઈપીએલ’માં સિઝનમાં વૈભવ સૌથી વધુ સ્કોર રહીને ‘ઓરેન્જ કેપ’ મેળવી છે. તેનો સ્ટ્રાઈક રેટ કલ્પનામાં ન આવે તેટલો એટલે 237નો છે. સિક્સ ફટકારવામાં તે બધાથી આગળ નીકળી ગયો છે. આ સિઝનમાં તેની સિક્સનું ટોટલ 72 રહ્યું છે. આ સિવાય ‘મોસ્ટ વેલ્યુબલ પ્લેયર’, ‘ઈમર્જિંગ પ્લેયર ઑફ ધ સિઝન’, ‘હાઈએસ્ટ બેટિંગ સ્ટ્રાઈક રેટ’ જેવાં અનેક સન્માન વૈભવે પોતાના નામે કર્યા છે. ફાઈનલી તેનું આવું ફોર્મ જોઈને આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામે થનારી ટેવન્ટી20માં વૈભવને સ્થાન મળ્યું છે. આ સિલેક્શન કરતી વેળાએ હાલમાં BCCIના ચીફ સિલેક્ટર અજિત અગરકરે કહ્યું હતું કે, ‘વૈભવ વિશે શું કહીએ. અમે જોયું કે તેઓ શું કરી શકે છે. પ્લેઓફમાં તે પોતાના દમ પર જ રાજસ્થાન રૉયલ્સને આગળ લઈ ગયો. મારે એ અંગે વાત કરવાની જરૂર લાગતી નથી કે તે કેટલું સારું રમી રહ્યો છે કે કેટલી સારી બેટિંગ કરે છે.’

વૈભવ સૂર્યવંશીની બેટિંગની વાત કરવા જઈએ તો તેમાં અનેક બાબતોને આવરી શકાય. પરંતુ પંદર વર્ષના આ ધૂંઆધાર બેટ્સમેન કેવી રીતે આ પ્રકારના શોટ્સ રમે છે અને અચ્છા અચ્છા બોલર્સને ફટકારે છે તે વિશે પૂર્વ ક્રિકેટરો શું કહે છે તે પણ જાણવું જોઈએ. પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર બાસિત અલીએ કહ્યું હતું કે, ‘હજુ તો તે બાળક છે, પરંતુ તેમ છતાં તે મિસ્ટર યુનિવર્સ બની ચૂક્યો છે. હું તો તેને પ્રેમથી ‘બબલુ’ કહું છું, ભલે તમે તેને સૂર્યવંશી કહો છો. શું બેટિંગ કરે છે તે? 16 બોલ અને 54 રન અને જે બોલ પર તે આઉટ થયો, તે થર્ડ મેન પર જો સિક્સ હોત તો ગેલનો રેકોર્ડ પણ તૂટી જતો. મને લાગે છે કે ગેલનો રેકોર્ડ આ બાળક તોડશે. હું તો દ્રવિડનું પ્રશંસા કરું છું. તેણે જ સૂર્યવંશીને રાજસ્થાન રૉયલ્સ માટે 1.10 કરોડમાં સાઈન કર્યો હતો. રાહુલે વિશ્વને ભેંટ આપી છે.’

હજુ તો વૈભવ સૂર્યવંશીની ઈન્ટરનેશનલ ક્રિકેટમાં એન્ટ્રી થઈ નથી અને તેમનું નામ ગાજી રહ્યું છે. આ થયું તેમાં તેની અથાક મહેનત તો છે જ, પરંતુ સાથે સાથે તેમના પરિવાર અને કોચનો પણ શ્રેય છે. વૈભવ સૂર્યવંશીનો જન્મ બિહારના તાજપુર નગરમાં થયો હતો. વૈભવની ક્રિકેટની શરૂઆત માત્ર ચાર વર્ષની ઉંમરેથી થઈ હતી. આશ્ચર્ય થાય કે ચાર વર્ષની ઉંમરે કેવી રીતે તેની ક્રિકેટની ટ્રેઈનિંગ શરૂ થઈ? તે માટે વૈભવના પિતા સંજીવને શ્રેય આપવો રહ્યો. સંજીવ સૂર્યવંશી એક સમયે ક્રિકેટર બનવા ઈચ્છતા હતા, પરંતુ તેમનું સપનું સાકાર ન થયું. અને જ્યારે તેમણે પોતાના દીકરામાં બેટિંગની સ્કીલ જોઈ ત્યારે તેઓ વૈભવને પટનાની મનીષ ઓઝાની ક્રિકેટ એકેડેમી ‘જેનનેક્સ ક્રિકેટ એકેડેમી’ માં લઈ ગયા. પટનામાં રહેવું અને કોચિંગ લેવું વૈભવ માટે કે તેના પિતા માટે સરળ નહોતું. આ માટે એકાંતરે દિવસે વૈભવ અને તેના પિતા સો કિલોમીટરનું અંતર કાપતા હતા. તેના કોચ મનીષ ઓઝા મુજબ વૈભવ હંમેશા ઝડપથી શીખનારો ખેલાડી રહ્યો છે અને તેને પહેલાંથી બ્રાયન લારા ગમતો બેટ્સમેન રહ્યો છે.

ચાર વર્ષની ઉંમરે ક્રિકેટનું કોચિંગ અને 13 વર્ષની ઉંમરે રણજી ટ્રોફીમાં એન્ટ્રી તેથી વૈભવ સૂર્યવંશીના ઉંમર અંગે પણ એક વખત પ્રશ્ન ખડા થયા હતા. તેનું કારણ ખુદ વૈભવ હતો. તેણે એક ઈન્ટર્વ્યૂમાં પોતાની ઉંમર હતી એના કરતા દોઢ વર્ષ વધુ જણાવી હતી! આ અંગે થોડો વિવાદ પણ થયો. જોકે તે પછી BCCI દ્વારા ‘બોન ડેન્સિટી ટેસ્ટ’ થાય છે અને તેમાં તેની ઉંમર જન્મ તારીખ મુજબની આવતી હતી. આ ‘બોન ડેન્સિટી ટેસ્ટ’ એક વાર નહીં પણ સમયાંતરે વૈભવનો થતો રહ્યો છે. આ બધા તપાસમાં વૈભવની ઉંમર જે દર્શાવવામાં આવી છે તે જ આવી છે. જ્યારે મહદંશે બાળકો ક્રિકેટમાં પા પા પગલી માંડતા હોય છે ત્યારે વૈભવે બોલર્સના બોલ ગ્રાઉન્ડ બહાર ખદેડવા લાગ્યો. અને તેની આ અટેકિંગ ગેમની શરૂઆત તે બાર વર્ષનો હતો ત્યારથી જ થઈ ચૂકી હતી. ‘બિહાર અન્ડર-19’તરફથી તે ‘વિનુ માંકડ ટ્રોફી’માં રમ્યો. તે પછી ‘ઈન્ડિયા-બી’ટીમ વતી અન્ડર-19માં જ્યારે વૈભવ રમ્યો ત્યારે તેનું પ્રદર્શન લાજવાબ રહ્યું. તેણે છ ઈનિંગમાં 177 રન ફટકાર્યા હતા, જેમાં બે અડધી સદી સામેલ હતી. અહીંયા સુધી વૈભવ સૂર્યવંશીની બેટિંગ ધાર્યા કરતા વધુ સારી હોવા છતાં તેમાં એક્સ્ટ્રા ઓર્ડિનરી તત્વ હજુ લોકોને દેખાયું નહોતું. વૈભવની બેટિંગમાં જબરજસ્ત સ્પાર્ક છે તેનો પ્રથમ પરિચય સપ્ટેમ્બર-2024માં જ્યારે ‘ઈન્ડિયા અન્ડર-19’ ટીમ ઑસ્ટ્રેલિયા પહોંચી ત્યારે થયો. અહીં વૈભવે ‘ઓસ્ટ્રેલિયાની અન્ડર-19’ ટીમ સામે 58 બોલમાં સદી ફટકારી હતી. અન્ડર-19માં ભારત વતી ટેસ્ટમાં આટલી ઝડપથી કોઈએ સદી ફટકારી નહોતી. અન્ડર-19 એશિયા કપમાં પણ વૈભવનું પ્રદર્શન ધમાકેદાર રહ્યું. પરંતુ 2026નો અન્ડર-19 વર્લ્ડ કપ થયો ત્યારે વૈભવે જે બેટિંગ કરી તેનાથી સૌ કોઈ ચોંકી ગયા. તેણે ઈંગ્લેન્ડ સામે 80 બોલમાં 15 ફોર અને સિક્સ સાથે તેણે 175 રન બનાવ્યા.

**તેણે એક ઇન્ટરવ્યૂમાં પોતાની ઉંમર હતી એના કરતાં દોઢ વર્ષ વધુ જણાવી હતી! આ અંગે થોડો વિવાદ પણ થયો. જોકે તે પછી ‘BCCI’દ્વારા ‘બોન ડેન્સિટી ટેસ્ટ’ થાય છે અને તેમાં તેની ઉંમર જન્મતારીખ મુજબની આવતી હતી. આ ‘બોન ડેન્સિટી ટેસ્ટ’ એક વાર નહીં પણ સમયાંતરે વૈભવનો થતો રહ્યો છે**

અન્ડર-19માં અને તે પછી ડોમેસ્ટિક ક્રિકેટમાં પણ વૈભવની રફ્તાર અટકી નહીં. રણજી ટ્રોફી રમનારા સૌથી યુવાન ખેલાડીઓમાં વૈભવનું નામ સામેલ થયું. એ રીતે ટ્વેન્ટી 20 ડોમેસ્ટિક ક્રિકેટમાં 13 વર્ષ અને 241 દિવસના સૌથી યુવાન ખેલાડી તરીકે તેની એન્ટ્રી થઈ. તે પછી ડોમેસ્ટિક ક્રિકેટમાં ઉંમર અને રનને લઈને વૈભવ એક પછી એક રેકોર્ડ તેના નામ કરતો ગયો. અત્યારે તો વૈભવનો સૂરજ બુલંદીઓ પર છે અને તેની પ્રશંસામાં સૌ કોઈ વાત કરી રહ્યા છે. વિશ્વના અગ્રગણ્ય ક્રિકેટરો પણ વૈભવની બેટિંગ જોઈને સોશિયલ મીડિયા પર પોતાની વાત લખી રહ્યા છે. પાકિસ્તાનમાં પણ વૈભવની ચર્ચા છે. પાકિસ્તાના સ્ટાર બેટ્સમેન રહેનારા મોહમ્મદ યુસુફે કહ્યું છે કે, વૈભવ નીડર, વિસ્ફોટક અને ઉર્જાવાન બેટ્સમેન છે. પરંતુ સાથે મોહમ્મદ યુસુફે તેની સરખામણી શાહીદ આફરીદી સાથે કરી હતી. આફરીદી આક્રમક બેટિંગ માટે જાણીતા હતા.

વૈભવ વિશે પ્રશંસાના શબ્દો ઘણા ક્રિકેટર કહી રહ્યા છે. પરંતુ વૈભવની આક્રમક બેટિંગ સાથે સાતત્ય જાળવવું પડશે. સચિન તેન્ડુલકર હોય કે વિરાટ કોહલી તેઓ ક્રિકેટના ફિલ્ડ પર આક્રમકતા સાથે સાતત્ય જાળવતા રહ્યા અને સાતત્ય માટે નિયમિત ક્રિકેટની સાધના વૈભવે આટલા ટેલેન્ટ સાથે પણ કરવી પડશે.

